Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री
# जैनधर्मप्रकाश.

## JAIN DHARAMA PRVKHAS

પુસ્તક ૬ ઠું. જેઠ શુદિ. ૧૫ સંવત. ૧૯૪૬ અંક. ૩ જો.

वसंततिलका.

प्रशम रस निमग्नं, दृष्टियुग्मं प्रसन्नं;
वदन कमल मंकः कानिनी संग शून्यः
कर युगमपि यत्ते, शस्त्र संबंध वंध्यं
तदसि जगति देवो, वीतरागस्त्वमेव ॥ १ ॥

प्रगटकर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा
ભાવનગર.

अमदावादमां.
"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
શા૦ નથુભાઈ રતનચંદે છાપી પ્રસિદ્ધ કર્યું.
શક ૧૮૧૨. સને ૧૮૧૨
મૂલ્ય વર્ષ ૧ નો રૂ૧-૦-૦ અગાઉથી પોસ્ટેજ રૂ૦-૩-૦ જુદું
છુટક અંક એકના રૂ ૦-૨-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणिका.


| વિષય. | | પૃષ્ટ. |
|---|---|---|
| ૧ | આત્મહિતોપદેશ (લખનાર મુનિરાજ શ્રી શાંતિવિજયજી) | ૩૩ |
| ૨ | સામાયિક. | ૩૯ |
| ૩ | અમરદત્ત અને મિત્રાનંદ. | ૪૧ |
| ૪ | કુમતિમત ધ્વંસ સમાચાર | ૪૬ |
| ૫ | વર્તમાન ચરચા. | ૪૭ |
| ૬ | અત્યંત ખેદકારક મૃત્યુ (શ્રાવક નેમચંદ મુળચંદ) | ૪૮ |


## ખાસ સૂચના.

જ્ઞાનનું બહુ માન જ્ઞાનાવરણી કર્મનો ક્ષય કરે છે અને જ્ઞાનની આસાતનાથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે માટે ચોપાનીઆને રખડતું ન મેલતાં ઊંચે આસને મુકવું અને આદ્યંત લક્ષપૂર્વક વાંચી યથાશક્તી ધર્મકાર્યમાં પ્રવર્ત્તવું.

## ગ્રાહકોને ભેટ.

# रतिसार कुमारनुं चरित्र.

જે ગ્રાહકો તરફથી લવાજમ મળેલું છે તેમને સદરહુ ભેટની બુકો મોકલાવી દીધી છે. જે ગ્રાહકોએ તેનું પોસ્ટેજ મોકલ્યું ન હોય તેમણે એક ટીકીટ મોકલીને બુક મંગાવી લેવી. અદ્યાપિ પર્યંત લવાજમ મોકલાવવાની આળસ કરનાર ગ્રાહકો પણ આ ચાલુ થયેલા વર્ષના લવાજમ સાથે એક ટીકીટ વધારે મોકલશે તો હજી એક માસ પર્યંત સદરહુ બુકનો લાભ આપશું.

ખરિદ કરવા ઇચ્છનારે દરેક બુકના ચાર આના મોકલવા પરદેશવાળાને પોસ્ટેજ માફ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश

JAIN DARMA PRAKASH.

દોહરો.

ઘંટા નાદ વગાડતાં, ખરરર થાય આકાશ;
તેમ ભૂતળ ગર્જાવતું, પ્રગટયું જૈનપ્રકાશ. ૧

પુસ્તક ૬ ઠું. શાક ૧૮૧૨. જેઠ શુદિ ૧૫. વીર સંવત ૨૪૧૬ અંક ૩ જો.

# आत्महितोपदेश.

(લખનાર મુનિરાજશ્રી શાંતિવિજયજી.)

પ્રાણીને સંસારાટવીમાં ભ્રમણ કરાવનાર મૂળ ચાર કષાય છે. સંસારને અસાર જાણનારા ભવ્યપ્રાણીઓ જાણે છે કે ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય પ્રાંતે જરૂર અનીષ્ટ ફળને આપનારા છે તો પણ પૂર્વના અભ્યાસથી તેઓ તેને છોડી શકતા નથી. જેટલું કર્મરૂપ જળ મનુષ્ય શુભ ધ્યાનવડે સોશન કરી ઓછું કરે છે. તેટલુંજ કર્મજળ આશ્રવ દ્વારા પાછું બારી કાઢે છે. શું કરે કર્મને આધિન પડયો થકો જીવ મર્કટની જેમ ચાર કષાયવડે સંસારમાં વિડંબિત થઈ રહ્યો છે. તદ્ભવ મુક્તગામી ચંડરૂદ્રાચાર્યને ક્રોધે સંતાપ્યા, ડેડકીમર્દક મુનિ પણ ક્રોધથી સર્પ આદિ અવસ્થાને પામ્યા અને સંભૂમ ચક્રવર્ત્તિ વિગેરે બીજા અનેક રાજાઓ ક્રોધથી અધોગતિને સંપ્રાપ્ત થયા.

માનથી બાહુબળજીને કેવળજ્ઞાન થતાં વિલંબ થયો, મરીચિને કુળમદથી હીન કુળ મળ્યું, સ્થુળભદ્રજીને વિદ્યામદથી વિદ્યાની ગુરૂ તરફથી અપ્રાપ્તિ થઈ, આચાર્ય સિદ્ધસેન દિવાકર, ચાણાક્ય, કોણિક, દુર્યોધન અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાવણ વિગેરે માનથી યથાયોગ્ય વ્યથાને પ્રાપ્ત થયા.

બ્રાહ્મીસુંદરીના જીવોએ પૂર્વજન્મમાં કાંઇક માયા સ્થળ સેવ્યું હતું તો તેથી તેઓને સ્ત્રીજન્મ સંપ્રાપ્ત થયો, ચંદ્રપ્રદ્યોતન રાજા વીતભય નગરના રાજા ઉદાયન સાથે માયા કરવાથી રાજ્યહાની વિગેરે દશાને પ્રાપ્ત થયો અને વરરૂચીએ માયા કપટથી માન ભ્રષ્ટ વિગેરે અપમાનની દશાને ભોગવી.

લોભથકી ભરતચક્રવર્ત્તિ પોતાના લઘુબાંધવોનું અગ્રાહ્ય રાજ્ય પણ ગ્રહણ કરવા તત્પર થયો નંદરાજા વિગેરે ભૂમિપાલો લોભથી અનેક અન્યાયોકરી પોતાના નામને કલંકિત કરી ગયા. મમ્મણશેઠે તો લોભનો ચાંદ મેળવ્યો એ પ્રગટજ છે. આ પ્રમાણે સંસાર વૃદ્ધિના કારણ ઊક્ત ચારકષાય જીતે તેને સાબાસી છે. ઉક્ત મહાન્ શક્તિમાનોએ ક્રોધમાન માયાલોભ કર્યા તો આપણને શું હરકત છે એમ કહી કષાયમાં નિઃશંકપણે જોડાવું એ સંસારવૃદ્ધિનું કારણ છે. થોડી જીંદગાનીમાં જે આત્મસાધન કરી લેવું તેજ હિતકારક છે.

જીવે વિવિધ પ્રકારના કારાગારની વેદનાઓ સહી, સર્પ, વીંછી, ઘો, કૃકલાસ વિગેરેના દંશ સહન કર્યા, મુત્ર પુરીષ નિરોધની વેદના પરાધીનપણે સહી, ક્ષુધા અને તૃષા, શીરોવ્યથા, હૃદય નેત્ર કર્ણ નાસિકા અને વૃક્ષ વિગેરે કોમળસ્થાનોમાં અસહ્ય પીડા પૂર્વોપાર્જિત કર્મના ઉદયથી પ્રત્યક્ષપણે અનુભવી, પણ મનમાં વૈરાગ્ય કે સંસાર ઉપરથી અરૂચી આવતી નથી આ કેટલી મૂઢતા ? અને આત્મહિત તરફની કેટલી બેપરવાઈ ? પ્રાણી દુઃખથી ડરે છે અને સુખની ઈચ્છા રાખે છે, પણ અપશોશ છે કે–સુખના સાધનો વિના કેમ તે ઈચ્છા પૂર્ણ થશે ? જીવ ! જે કર્મ તેં પૂર્વ જન્મમાં કર્યું હતું તે હવે ઉદય આવ્યે પરિતાપ અને ખેદ કર્યે દૂર થવાનું નથી માટે મનની પરણતિ સ્થિર કરી સહન કર એજ તારી સમજુતિ, અને એજ તારૂં ધૈર્ય. હીનતા, દીનતા, કોપ અને રોષ ચાય ગમે તે કર પણ કર્મને શરમ નથી. કોઈપણ જીવના સુખનો અથવા દુઃખનો કર્ત્તા કે હર્ત્તા કોઈ પ્રાણી નથી. આપણા કરેલાં કર્મ આપણેજ ભોગવવાનાં છે, તમે બહુ પ્રયત્નથી મધુર વચનવડે કોઈની પાસે જઈ કોઈ પણ વસ્તુને માટે પ્રાર્થના કરશો તોપણ જો તમારા કર્મમાં તે વસ્તુનો યોગ જ્ઞાનિયોએ નથી દેખ્યો તો કદી પણ તે વસ્તુ તમને મળનાર નથી. જ્યારે આમ છે ત્યારે શામાટે ઉદાશ રહેવું અને ઝુરવું ? વિપત્તિને સમય આર્ત્તધ્યાન આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને સંપત્તિ સમય હર્ષ ન કરવો એ સત્પુરૂષોનો માર્ગ છે. આ માર્ગ રંકથી લઇ રાજા વિગેરે સર્વને આશ્રય કરવા યોગ્ય છે.

અમુક મનુષ્યે મારૂં બહુ બગાડી નાખ્યું અને અમુક મનુષ્યે મારૂં બહુ સુધારી આપ્યું આ વિચારને પણ જ્ઞાની પુરૂષો એક ભ્રાંતિજ કહે છે કેમકે સુખદુ:ખનું મુખ્ય કારણ તો કર્મ છે. અને અપર મનુષ્યતો ફક્ત નિમિત્તમાત્રજ છે.

મનુષ્યોની અવળી કર્મસ્થિતિ ઉદય આવે છે ત્યારે જે મિત્ર હોય તે અમિત્ર થઈ જાય છે; કુટુંબીઓ વૈરી થઈ જાય છે; નોકર ચાકર વચન માનતા નથી અને જ્યાં જાય ત્યાં અપમાન પામે છે. ચાય લોભેકરી કોઈ ધનવાનની આઠ પ્રહાર સાથે રહી નોકરી બજાવો અથવા જી, જી કહી મીઠાં વચન બોલો પણ પુન્યવિના એક કોડી પણ મળવાની નથી. ફક્ત ભાગ્ય આધીનજ રીદ્ધી અને સીદ્ધી સર્વ છે.

બલવાન્ રાજાઓને, દેવતાઓને અને મહાવિભુતિ ભોક્તા ચક્રધર વાસુદેવોને પણ વિપદા સંપ્રાપ્ત થઈ ત્યારે આપણે કઈ ગણત્રીમાં? અને વિપદા આવે તેમાં સ્યો વિષાદ? કોણ મનુષ્ય જીંદગીભરમાં એકવાર પણ સ્ખલાયમાન થયો નથી? કોના સંપૂર્ણ મનોરથો સિદ્ધ થયા? કોણે નિત્ય સુખ ભોગવ્યું! અને કોની યશ કીર્તિ એકવાર કલંકિત થઈ નહીં? મોટાં મોટાં ખલાઈ ગયા અને મોટા મોટાઓનું પાણી ઉતરી ગયું તો આપણને થોડા દુખથી અને થોડી વ્યથાથી સ્યાનો અપશોશ? સ્મરણ રાખવું કે સુખની પાછળ દુખ આવશે અને દુખની પાછળ સુખ આવશે. ચક્રની પેઠે સુખદુખ મનુષ્યો પર ફરી રહ્યા છે. કહ્યું છે કે

(अनुष्टुप्वृत्तम्.)

सुखस्यानंतरं दुःखं दुखस्यानंतरं सुखं
चक्रवत्परिवर्तंते दुःखानिच सुखानिच. १

જ્યારે મનુષ્યનું પુન્ય પાતળું આવે છે ત્યારે સ્વામી પાસેથી, મિત્ર પાસેથી, બાંધવ અને પક્ષપાતી વિગેર અત્યંત હિતસ્વી પાસેથી પણ કાર્ય સરતું નથી. ચાય રૂદન કરો, પોકાર કરો, ચિત્તને સંતાપ દ્યો કે દીન વચન બોલો તો પણ બાંધેલા નિકાચિત કર્મને ભોગવ્યા વિના છુટકો નથી. સર્વ મનુષ્યો સુખ સંપાદન થવાને સરખો ઉદ્યમ કરે છે, સરખો પ્રયત્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે અને સરખુંજ ધ્યાન આપે છે પણ આશ્ચર્ય છે કે એકને તો વૈભવ સંપ્રાપ્ત થાય છે અને એકને વૈભવનો છેદ થાય છે ! આથીજ જ્ઞાનિયોનું કહેવું સત્ય થાય છે કે—ચાય વિકટ અટવીમાં અટન કરો, પર્વતો પર આરોહણ કરો, કે ગુફામાં જઇને બેસો પણ ભાગ્ય વિના ક્યાંથી સંપદા અને ક્યાંથી વૈભવ ?

યદ્યપિ પુન્યહીનોનો ઉદ્યમ અને પ્રયત્ન નિરર્થક થાય છે પણ તેથી મુંઝાઈ આત્મવિનાશ કરવા કદિ પ્રવર્તવું નહી કારણ કે મૃત્યુ વાંછવાથી કાંઈ દુઃખની સમાપ્તિ થતી નથી. દુઃખ ન આવે ત્યાં સુધી ડરવાનું છે પણ દુઃખ આવી પડ્યા પછી ડરવાતું નથી. આત્મઘાત મુખ્યત્વે કરી ક્રોધ અને માનના ઉદયથી થાય છે અને ક્રોધમાન સંસારવૃદ્ધિનાં પુષ્ટ કારણો છે. આત્માઘાતથી પ્રાયે દુર્ગતિ મળે છે. ગભરાયેલ મનુષ્ય જાણે છે કે હું સ્વાત્મઘાતકરી સુખી થાઉં પણ ઉલટું દુખી થવાય છે. માટે બુદ્ધિમાને તે સબંધી વિચારો કદિ આવે તોપણ આવવા દેવા નહી. કદીજીવ વિચારે કે આપણાથી દેવતાઓ કેવા સુખી છે; અને કેવા આનંદથી રહે છે ? આ સવાલના ઉત્તરમાં તાત્વિક રીતેવિચાર કરીયેતો દેવો પણ સુખી નથી. એક બીજાની રૂદ્ધિ ન્યુનાધિક દેખી તેઓ પણ ઇર્ષ્યા કરે છે, એક બીજાની દેવાંગનાઓ દેખી વિષયાવેશમાં ચડી લડાઈઓ કરે છે, અને મનુષ્યોની પેઠે ચિંતામાં પડી અપશોસ પણ કરે છે; ચાય દેવ હોયકે મનષ્ય હોય સુખતો ફક્ત સંતોષથીજ છે.

ઈષ્ટ વિયોગ, અનીષ્ટ સંયોગ, જન્મ, જરા, મરણ, પરાભવ અને રોગ જો આટલી વસ્તુ સંસારમાં નહોત તો કોણ પુરૂષ સંસારને અસાર કહેવા સમર્થ હતો; અને કોણ તેને છોડી મુક્તિપદ લેવા જાત! સ્નેહ છે ત્યાંજ દુઃખના કારણ છે, જ્યાં રાગ છે ત્યાંજ રોગ છે, અને જ્યાં આપણાપણું માનેલું છે ત્યાંજ જુદાઈ છે. પણ આસક્ત થયેલો મનુષ્ય પ્રથમ રાગાંધતાથી જાણી શકતો નથી અને પાછળથી પૂર્ણ પસ્તાવો કરે છે. જ્ઞાનિયોમાં અને અજ્ઞાનિયોમાં આટલોજ તફાવત છે કે જ્ઞાની હરેક વાતનું પરિણામ પ્રથમ વિચારે છે અને અજ્ઞાની દુખી થયા બાદ વિચારે છે.

ફસાયેલો અંધ મનુષ્ય, સ્ત્રી, પુત્ર, અને કુટુંબને માટે મોહાંધ થઈ જે જે પાપારંભ કરે છે તે તે પાપના અશુભ વિપાકો જ્યારે દુર્ગતિ ગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન થયા બાદ ઊદય આવે છે ત્યારે તેનેજ ભોગવવા પડે છે પણ સ્ત્રી પુત્ર કે કુટુંબ ત્યાં આવતાં નથી. જે વસ્તુ ઉપર બહુ પ્રતિબંધ હોય તે વસ્તુ વિ-નાશ થયે બહુ શોક થાય, આ સર્વને અનુભવિત છે. ધારો કે કોઈ મનુષ્યને લક્ષ્મી ઉપર બહુજ પ્રતિબંધ છે. હવે લક્ષ્મી તરફ નજર કરીયે તો જલતરંગ,સંધ્યારાગ અને ધ્વજપટવત્ ચંચળ સ્વભાવવાળી લક્ષ્મી કોઈને ત્યાં સ્થિર થઈ રહી નથી અને રહેશે નહી,–લક્ષ્મીનો નાશ થયે તે મનુષ્યનાતો દશ પ્રાણ નાશ થયાં સમજો. માટે ધર્માભિલાષીએ લક્ષ્મી ઉપર બહુ પ્રતિબંધ ન રાખવો. લક્ષ્મી શિવાય બીજા પણ દૃષ્યમાન અને રમણીક જે જે પદાર્થો તમારી નજરે આવે છે તેપણ ક્ષણવિનાશી કોઈ દિવસ હતા નહોતા થઈ જશે. પદાર્થો તમને છંડી જશે કિંવા તમે તેને છાંડી જશો; બેમાંથી એક તો અવસ્ય બનશેજ. જ્યારે આ નિર્ણીત છે ત્યારે આપણેજ સ્યા માટે તેને ન છોડી દઈયે? ચિત્તને હરણ કરનારી રૂપવંતી સ્ત્રીયો, અનુકૂળ પરિવાર, સ્નેહી બાંધવો અને હાથી ઘોડાઓ જ્યાંસુધી આંખ્યો મીંચાઈ નથી ત્યાંસુધીજ છે. નેત્રો સંમીલન થયા કે સર્વ ન્યારાં સમજવાં. कह्युं छे के–

(वंसततिलका वृतम्.)

चेतोहरा युवतयः स्वजनो ऽनुकूलः
सद्बांधवाः प्रणयगर्वयुताश्च भृत्याः
गर्ज्जंति दंतिनिवहा स्तिरलंति वाहा
संमीलनेनयनयोनहि किंचिदस्ति. १

વિષયાવેશથી વ્યાકુલિત થઈ પોતાના શરીરને માટે આરામ આ-પવા માટે જેટલું પ્રયત્ન કરે છે તેટલું પ્રયત્ન જો આત્મહિતને માટે ક-રે તો કેટલું ઉત્તમ! કારણ તે નિર્વાણ સુધીજ સાથ કરાવનાર છે અને આચરેલું આત્મહિત જન્માંતર સુધી સાથે ચાલનાર છે. નલિની દલસ્થિત જળ બિંદુવત્ અને પવન પ્રેરિત દીપશિખાવત્ સત્વર જીવતવ્ય ચાલ્યું જશે અને પાછળથી અનુશય કરવો પડશે; માટે રે જીવ! મોહ મદિરાથી ઘુર્ણિત થયેલાં નેત્ર ઉઘાડી હેય ઉપાદેયનું ધ્યાન કર. જનની, જનક, ભ્રા-તા, પુત્ર, મિત્ર અને કલત્ર વિગેરે જ્યારે દેહાંતનો સમય આવશે ત્યારે દૂર જઈ બેસસે. ફક્ત શુભાશુભ કરણીજ પાસે રહેશે. આ બંનેમાં જે યુક્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગે તે આચર અને યુક્ત લાગે તે અંગીકાર કર જે કરવાથી આ લોકમાં નિચું જોવું પડે અને પરલોકમાં દુર્ગતિ થાય એવું કાર્ય અંતઅવસ્થાએ પણ ન કર. શ્યામાટે પોતાને હાથેજ પોતાનું બંધન કરવું ? ક્રોડો જન્મમાં દુર્લભ એવું મનુષ્યપણું પામી શ્યાને હારી જવું ? માટે પરદારાઓનું સ્મરણ ન કર, પરાઈ રીદ્ધિ મનથી પણ ન વાંછ, પરને પીડાકારી કર્કશવચન ન બોલ, અને માત્સર્યતા તથા પૈશુન્યતા—નિર્દયતા અને કુટીલતા—કપટ અને અહંકાર—મમત્વ અને અસંતોષ—આ આત્મહિતથી બહાર સમજ. વિચાર કર કે જેઓએ અન્યાય કરી કરી પરને સંતાપ દેવા જરાપણ પાછું વાળી જોયું નહી, ફક્ત ઉન્મત્ત થઈ અહોરાત્ર મદાંધજ રહ્યા તેઓ અંતે શું લઈ ગયા ? કોની સાથે રાજ્યધાની કે વૈભવ ગયો ? અને કોણે મૃત્યુને રોક્યું ? જેઓ દેશોમાં નહોતા સમાતા તેઓ ત્રણ હાથની જમીનમાં સમાઈ ગયા. માટે પ્રશાંત થઇ પાપારંભ શમન કર. આ જન્મમાં પરાભવ અને પરજન્મમાં નરકગતિ મળે તેવું પાપકારી આચરણ દુરથી છોડ. ચતુરાઈ કરી જે મનુષ્ય, ગુરૂને, સ્વામિને, મિત્રને અને વિશ્વાસીને, ઠગે છે તેનો ઉભય લોક વિણસે છે.

સત્ય કથન, પ્રાણિયો પર દયા, સુપાત્રદાન, લજ્જાગુણ, જીતેંદ્રિયપણું, ગુરૂભક્તિ, વિદ્યા, વિનય, સર્વજ્ઞ ભગવાનની સેવા અને મુનિયોપર બહુમાન—એ મનુષ્યોને માટે અવિનાસી આભુષણછે. આર્યદેશ, સુકુળ, પંચેંદ્રિય પૂર્ણતા, અને સદ્ગુરૂ સંયોગ પામી હવે ગફલત રાખવી એ બહુ અનુશયનું નિદાન છે. જ્યાં સુધી મોટા રાજરોગો ઉત્પન્ન થયા નથી, જરા અવસ્થા દૂર છે, ઈંદ્રિયો શિથીલ થઇ નથી, ત્યાંસુધી જે બનાવશો તે બનશે, જેઓએ જન્મથી લઈ મરણ પર્યંત કુકર્મ કાંઇ નહીં અને મનતે પ્રયત્ને ધર્મજ કર્યું છે તેની અંતઅવસ્થા પ્રાયે સુખવિના રહેતી નથી.

સત્સમૃદ્ધિ, કુટુંબાદિ અને કુટુંબ પરિવાર મળવો જન્મ જન્મમાં સુલભ છે પણ વીતરાગ પ્રણીત ધર્મ મળવો એ સુલભ નથી. જ્યારે અનંત કર્મની રાશી નાશ થાય છે ત્યારે મનુષ્યપણું મળે છે. બાળપણામાં જેવાં નિર્મળ પરિણામ હોય છે તેવા વૃદ્ધપણામાં રહેતાં નથી. ઉખરભૂમિમાં હજારવાર હળ ફેરવી અનાજ વાવેતો પણ નિરર્થક છે તેમ ધર્મવિના સંસારમાં જેટલું સુખ ધારો તેટલું પરિણામે ક્ષતિકારક છે. જળવિના તૃષા અને અન્નવિના ક્ષુધા નાશ થતિ નથી તેમ સંતોષવિના સુખ, ધર્મવિના મો-

For Private And Personal Use Only

ક્ષ થતું નથી. ઇંદ્રો વિગેરેની રીદ્ધિ ધર્મ સેવનથીજ છે. દુનિયામાં અખંડ કીર્ત્તિ, સુંદર સ્ત્રી, દીર્ઘ આયુષ, વિદ્યાવિનોદ, અને મનવાંછિત વસ્તુની સંપ્રાપ્તિ વિગેરે સર્વ ધર્મરૂપી કલ્પવૃક્ષનાંજ ફળ છે. નરકમાં છેદન ભેદન તાડન અને તર્જન વિગેરે કષ્ટ ધર્મનું વિરાધન કરવાથી સહેવું પડે છે. જ્યાં જન્મ નથી, મરણ નથી, ભય નથી, પરાભવ નથી, કલેશ નથી અને ઈર્ષા નથી, એવું અખંડીત સુખનું ધામ, લેવું હોય તો ધર્મ આરાધન તરફ લક્ષ દ્યો. જેણે દેવગુરૂ પાસે દીનતા કરી તેને [illegible] [illegible] દીનતા કરવી પડશે નહી. રાગ કરવો હોય તો આત્મહિત કરનાર વીતરાગ પ્રણીતધર્મ ઉપરજ કરો. દ્વેષ કરવો હોય તો પોતાના કર્મ ઉપરજ કરો. જેથી તમને આત્મતત્વનું અવલોકન થાય.

# સામાયિક.

બારવ્રત અંગીકાર કરનારને એમાં સામાયિકવ્રત આવી જાય છે તેથી બારવ્રતધારીને નિરંતર સામાયિક કરવું પડે છે. એમ સામાયિક એ શ્રાવકપણાનું ભૂષણ છે. વ્રત આશ્રી એ વ્રતના પાંચ અતિચાર ગણાય છે—

૧. કાયદુઃપ્રણિધાન અતિચાર—પોતાના શરીરના અવયવ અણપુંજે અણપ્રમાજે હલાવે, ભીંતને પીઠ લગાડીને બેસે, નિદ્રા પ્રમુખ કરે તે.

૨. મનદુઃપ્રણિધાન અતિચાર—ક્રોધ, લોભ, દ્રોહ, અભિમાન, ઈર્ષા અસૂયા પ્રમુખ દોષ સહીત કાર્ય વ્યાસંગાસક્ત સંભ્રમ ચિતથી સામાયિક કરે તે.

૩. વચનદુઃપ્રણિધાન અતિચાર—સામાયિકમાં સાવદ્ય વચન બોલે, [illegible] સ્પષ્ટતા માલુમ પડે નહી [illegible] ગડબડ ગડબડ બોલી જાય તે.

૪. અનવસ્થા દોષરૂપ અતિચાર—જે વખતે કરવું જોઈએ તે વખતે સામાયિક ન કરે, કરે તો યથાતથા કરે હઠથી અથવા ઉતાવળથી પાળે, આદરવિના કરે, સ્વેચ્છાએ ક્રિયા કરે તે.

૫.—સ્મૃતિવિહીન અતિચાર—સામાયિક લઈને ભૂલી જાય, ક્રિયાદિકમાં ભ્રાંતિ પડે, સામાયિક દંડક સૂત્ર ઉચ્ચાર્યાં કે નથી ઉચ્ચાર્યાં, પાર્યું કે નથી પાર્યું એવી ભ્રાંતિ પ્રબળ પ્રમાદના ઉદયથી થાય તે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્રત અંગીકાર કરનારે એ પ્રમાણેનાં પાંચ અતિચાર ન લાગે તે સંબંધી સાવચેતી રાખવી જોઈએ. એ પ્રમાણેના દુષણોએ રહિત એક સામાયિક કોડ. કરનાર બાણુ ઓગણસાઠ લાખ, પચીસ હજાર નવશે પચીશ એટલા પલ્યોપમ અને વળી એક પલ્યોપમના નવ ભાગ કરવા તેમાંના આઠ ભાગ ઉપર એટલું દેવતાનું આયુષ્ય બાંધે અને નરકગતિ કાપે, એવું જૈનાગમમાં સામાયિકનુ ફળ કહ્યું છે. એ વ્યવહાર શુદ્ધ સામાયિકનું ફળ છે. નિશ્ચય શુદ્ધોપયોગથી સામાયિકનું ફળ અનંત ગણું છે એટલે તે યાવત્ સિદ્ધિ સ્થાનકને પ્રાપ્ત કરાવે તેથી સામાયિક એ મનુષ્ય માત્રને એકાંત ઉપાદેય છે.

વળી શાસ્ત્રમાં કહ્યું છે કે—

दिवसे दिवसे लख्खं देइ सुवण्णस्स खांडयं एगो
एगोपुण सामाइयं, करइ न पहुप्पएतस्स. १

ભાવાર્થ—કોઈ દાનેશ્વરી પુરૂષ, દિવસ દિવસ પ્રત્યે સુવર્ણના લાખો કટકા યાચકને આપે બીજો કોઈ દિનપ્રત્યે શુદ્ધ મને સામાયિક કરે તો સુવર્ણ દાનનો કરનાર સામાયિક કરનારની બરોબર થઈ શકે નહી.

શ્રીઉત્તરાધ્યયનના ઓગણત્રીશમાં અધ્યયનમાં ગૌતમસ્વામીએ ભગવંતને પુછયું છે કે 'सामाइएणं भंते जीवेकिं जणइ' એટલે હે ભગવંત સામાયિક કરનારો જીવ શું ઉપાર્જન કરે? તેના ઉત્તરમાં ભગવંતે સામાયિકના ઘણા ઉત્તમ ફળ કહ્યાં છે. વળી શ્રેણિકરાજાએ 'પોતે નારકીમાં જતો બચે કે નહિ' એ સવાલ વીરપરમાત્મા પાસે કર્યો તે વખતે બીજી કેટલીએક બાબતો કહેવા સાથે ભગવંતે કહ્યું હતું કે જો પુણીઓ શ્રાવક તેનું એક સામાયિક તને વેચાતું આપે તો બચે. તે વખતે શ્રેણિકરાજાએ પુણીઆશ્રાવક પાસે જઈ તેવી માંગણી કરી એટલે તેણે કહ્યું કે સામાયિકની શું કિંમત છે તે હું જાણતો નથી માટે જેણે સામાયિક વેચાતું લેવા કહ્યું હોય તેને કિંમત પુછો. પછી શ્રેણિકરાજાએ આવી ભગવંતને સામાયિકની કિંમત પુછી તે વખતે તેની સર્વ -રાજ્યઋદ્ધિથી પણ સામાયિકની ઘણીજ અધિક કિંમત કહી હતી જેથી તેણે પોતાનો વિચાર માંડી વાળ્યો હતો. આ સર્વથી સામાયિકના શ્રેષ્ટ ફળ છે એવું સિદ્ધ થાય છે માટે સર્વે ધર્માર્થી શ્રાવકભાઈઓએ સામાયિક કરવા ઉદ્યુક્ત થવું.

સામાયિક એ ચારિત્રનો નમુનો છે, તેનાથી વિરતિપણું પ્રાપ્ત થાયછે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વિરતિપણામાં કરેલી ક્રિયા વધારે પુષ્ટિકારક થાય છે તેથી પ્રતિક્રમણમાં પ્રથમ સામાયિક ગ્રહણ કરી પછી તે ક્રિયાની શરૂઆત કરવામાં આવેછે.

શાસ્ત્રકારે પ્રકારાંતરે સામાયિકનાં આઠ નામ કહ્યા છે.

सामाइयं समइयं सम्मंवाओ समास संखेवो
अणवज्जंचपरणा पच्चख्खाणेय त अट्ठा. १

અર્થ--પ્રથમ સમતા ભાવ રાખવો તે સમભાવ સામાયિક, બીજું સર્વ જીવની ઉપર દયાભાવ રાખવો તે સમયિક સામાયિક, ત્રીજું રાગદ્વેષને છાંડીને યથાવ્યવસ્થિત વચન બોલવું તે સમવાદ સામાયિક, ચોથું થોડાજ અક્ષરમાં તત્વ જાણવું તે સમાસ સામાયિક, પાંચમું થોડા અક્ષરમાં કર્મ નાશ થાય એવો દ્વાદશાંગીનો અર્થ વિચારવો તે સંક્ષેપ સામાયિક, છઠું પાપરહિત સામાયિક આદરવું તે અનવદ્ય સામાયિક, સાતમું જે સામાયિકમાં તત્વનું જાણપણું હોય તે પરિજ્ઞા સામાયિક, અને પરિહરી વસ્તુનો ત્યાગ કરવો તે આઠમું પ્રત્યાખ્યાન સામાયિક એ પ્રમાણેના આઠ નામ જાણવા એ આઠ ભેદ ઉપર આઠ દ્રષ્ટાંતો છે, તે પર્વોની કથાઓની ચોપડીમાં તેમજ અન્યસ્થાનકેથી જાણી લેવા. સામાયિક જે કે પ્રતિક્રમણરૂપ વૃક્ષનું મૂળ છે તેની યથા યોગ્ય પુષ્ટિ કર્યાબાદ હવે પ્રતિક્રમણ માંહેના દરેક સૂત્રોના હેતુ વિગેરે યથાક્રમે વાંચક વર્ગની સન્મુખ રોશન કરશું

---

# अमरदत्त अने मित्रानंद.

( સાંધણ પાને ૩૨ થી. )

પુનઃભુપતિએ મુનિમહારાજને પુછ્યું કે 'તે મૃતકે વચનોચ્ચાર કર્યો એશું?' ગુરૂએ કહ્યું 'તે શંબાગ્રાહી પાંથ ત્યાંથી મરી ભવાંતરમાં ભમી તેજ વટવૃક્ષ ઉપર વ્યંતર થયો હતો. તેણે મિત્રાનંદને જોઈ પૂર્વભવ સંબંધી વૈર સ્મરણમાં આવ્યું એટલે શબમાં પ્રવેશ કરી વચનોચ્ચાર કર્યો.' પછી તે અમરદત્તરાજા નિઃસંદેહ થઈ સૂરિમહારાજને નમસ્કાર કરી ભાર્યાસહીત ગ્રહપ્રત્યે ગયો અને મુનિમહારાજ ત્યાંથી અન્યસ્થાનકે વિહાર કરી ગયા.

પરિપૂર્ણ સમય થયે રત્નમંજરીને પુત્ર પ્રાપ્ત થયો. તેનું અભિધાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ મહારાજના કહ્યા પ્રમાણે ક્રમલગુપ્ત રાખ્યું. અનુક્રમે તે બાળક વૃદ્ધિ પામ્યો અને પુરૂષની સર્વ કળાનું શિક્ષણ મેળવી રાજ્યકાર્યને ગ્યોગ્ય થયો. તેવામાં એક દિવસ તેજ ગુરૂમહારાજ તે નગરના ઉદ્યાનમાં સમવસર્યા. ઊદ્યાનપાળકે ગુરૂનું આગમન જણાવ્યું એટલે પુત્રને રાજ્ય સોંપી નૃપતિએ ભાર્યા સહીત દીક્ષા ગ્રહણ કરી. તદનંતર એ ધર્મઘોષસુરિ રાજારાણીના પ્રતિબોધને અર્થે સભાસમક્ષ નીચે પ્રમાણે દેશના આપવા લાગ્યા.

'ભવસમુદ્રનો નિસ્તાર પામવાને નૌકા સમાન દીક્ષા કોઈ ઉત્કૃષ્ટ પુણ્યના યોગે પ્રાપ્ત થાય છે. તેથી દીક્ષા ગ્રહણ કરી જે જીવો વિષય લોલુપી થાય છે તે જિનરક્ષિતની જેમ ઘોર ભવસાગરને વિષે પડે છે અને જે પ્રાણીઓ અભ્યર્થના થયા છતાં પણ વિષય વિમુખ થાય છે તે જિનપાલિતની જેમ સુખના ભોક્તા થાય છે.

અમરદત્ત રાજર્ષિએ પુછ્યું 'ભગવાન! તે જિનરક્ષિત અને જિનપાલિત કેવી રીતે સુખ દુઃખ પામ્યા તે કૃપા કરી કહો.'

ગુરૂઃ—ચંપાપુરીને વિષે જિતશત્રુ નામે રાજા હતો તેને ધારણી નામે સ્ત્રી હતી. તે સમયે તે નગરને વિષે શાંત અને સરલ ચિત્તવાળો, ઉદાર, ધનવાન માકંદી નામે શ્રેષ્ટિ વસતો હતો. તેને ભદ્રા નામની સ્ત્રીની કુક્ષિથી ઉત્પન્ન થયેલ જિનપાલિત અને જિનરક્ષિત નામના બે પુત્રો હતા. અનુક્રમે તે બંને યૌવન પ્રાપ્ત થયા એટલે પ્રવહણ લઈ વ્યાપાર્થે પરદેશ જઈ દ્રવ્યોપાર્જન કરવા લાગ્યા. એ પ્રમાણે એકાદશ વખત સફર કરી પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત કર્યું. પછી ધન લોભથી બારમી વખત જ્યારે તેઓ જળમાર્ગે મુસાફરી કરવા તૈયાર થયા ત્યારે તેના પિતાએ કહ્યું 'હે પુત્રો! આપણી પાસે પ્રચુર ધન છે તેમાંથી ત્યાગ ભોગાદિકમાં મરજી પ્રમાણે વ્યય કરો. એકાદશ વાર તમે કુશળ આવ્યા છો પરંતુ બારમી વખતે કદાચ વિઘ્ન પ્રાપ્તિ થાય. માટે અતિ લોભ ન કરો. જો મારૂં કહ્યું માનોતો હવે તમે ઘરે રહી વ્યાપાર કરો.'

પુત્રોઃ—'હે તાત! એવાં વચન તમે ન બોલો. આપની કૃપાથી આ પ્રવહણ યાત્રા પણ કુશળ રીતે થશે.' એમ કહી તેઓ બંને વિવિધ પ્રકારના કર્યાણક ગ્રહણ કરી જળ વિગેરે સકળ સામગ્રી તૈયાર કરી પ્રવહણમાં બેસી સમુદ્ર માર્ગે ચાલ્યા. જ્યારે તેઓ મધ્ય સમુદ્રને વિષે પહોંચ્યા તેવામાં અકાળ મેઘાંધકાર થયો. આકાશમાં મેઘ ગર્જના કરવા લા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગો, વિદ્યુતના ચમકારા થવા લાગ્યા અને મ્હોટો પવનનો જુસ્સો પ્રગટ થયો તેથી દૈવયોગે તેઓનું વહાણ ભાંગ્યું. પ્રવહણને વિષે આરૂઢ થયેલ મનુષ્યો બુડી ગયા. તે બંને ભાઈઓને ભાગ્યવશાત્ એક પાટીઉં હાથ આવ્યું જેના યોગથી તેઓ ત્રીજે દિવસે રત્નદ્વીપના તીર ઉપર નીકળ્યા. ત્યાં તેઓ બંને નાલિકેરીના ફળ ખાઈને રહે છે. એક દિવસ નિષ્ઠુર, નિર્દય અને હસ્તનેવિષે ખડ્ગ ધારણ કરનારી રત્નદ્વીપની અધિષ્ઠાતા દેવી ત્યાં આવી તેઆને કહેવા લાગી કે 'તમે જો મારી સાથે વિષય સુખ ભોગવશો તો કુશળ રહેશો. નહિ તો આ ખડ્ગવડે તમારા શિરચ્છેદ કરીશ.' તેઓ બોલ્યાં હે દેવિ! અમારૂં વહાણ ભાંગી જવાથી અમે અત્રે તારે શરણે આવ્યા છીએ માટે જેમ તું કહીશ તેમ વર્તશું.' પછી પ્રસન્ન થઈ તે દેવી બંનેને પોતાના આવાસ પ્રત્યે લઈ ગઈ. ત્યાં તેઓના શરીરથી અશુભ પુદ્‌ગળનો નાશ કરી તેમની સાથે સ્વેચ્છાએ વિષયસુખ ભોગવવા લાગી. પ્રતિદિન અમૃત ફ્લાહાર તે દેવી આપે છે એમ કેટલાએક દિવસ સુખમાં નિર્ગમન કર્યા. એક દિવસ દેવી બોલી 'લવણુસાગરના અધિષ્ઠાયક સુસ્થિત નામે દેવે મને આજ્ઞા કરી છે કે–મારે એકવીશ વખત સમુદ્રની અંદર તૃણ કાષ્ટ અને કાંઈ અશુચિ હોય તે શોધી કાઢી તેને એકાંત સ્થાનકે નાંખવું. એ માટે મારે ત્યાં જવું છે. તમે સુખેથી અત્રે રહેજો. આ સત્ફળોથી પ્રાણવૃત્તિ કરજો. કદાચિત્ અહીં રહેતા એકલા તમને અરતિ પ્રાપ્ત થાય તો ક્રીડાર્થે પૂર્વ, ઉત્તર અને પશ્ચિમ દિશા તરફના વનખંડમાં જવું ત્યાં સર્વ ઋતુ સંબંધી વિનોદ તમને પ્રાપ્ત થશે. પરંતુ દક્ષિણ દિશાના ઉદ્યાનને વિષે તમારે સર્વથા ન જવું કારણ કે તે વનને વિષે કૃષ્ણવર્ણનો દ્રષ્ટિ વિષ નામે સર્પ રહે છે' એમ કહી તે દેવી ત્યાંથી ગઈ. પછી તે બંને ભાઈઓ પૂર્વોક્ત વનને વિષે સ્વેચ્છાએ ફરી સુખ ભોગવવા લાગ્યા. એક દિવશ તેઓના મનમાં વિચાર આવ્યો કે દક્ષિણ દિશાના વન તરફ જવાની તેણીએ વારંવાર મનાઈ કરી તેનું શું કારણ હશે? એમ શંકા ધારી તે તરફ જવા ઉદ્યુક્ત થયા. આગળ ચાલતાં દુર્ગંધ આવવા લાગી તેથી તેઓ નાસિકા વિવર ઉત્તરીય વસ્ત્રવડે ઢાંકીને આગળ ચાલ્યા. તેવામાં ઘણા મનુષ્યોના શબ જેવામાં આવ્યાં. તેથી ભયભ્રાંત થઈ આગળ તે વનમાં ચાલ્યા તેવામાં શૂલિ ઉપર રહેલ જીવતા પુરૂષને વિલાપ કરતો જોયો. તેથી તેની સમીપે જઈ 'હે ભદ્રે! તમારી આવી દશા કેમ થઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને આ સર્વ શબો અત્રે પડ્યા છે એ શું?' એમ પુછ્યું ત્યારે શૂલિકા ઉપર રહેલ પુરૂષ બોલ્યો 'હું કાકંદીપુરીનો રહેનાર વણિક છું. વ્યાપાર્થે જળમાર્ગે ગમન કરતા મારૂં વહાણ ભગ્ન થયું. દૈવયોગે એક ફલક પ્રાપ્ત થવાથી આ રત્નદ્વીપે આવ્યો. આ દ્વીપની અધિષ્ટાતા દેવીએ વિષય લાલસાથી મારૂં રક્ષણ કર્યું. એક દિવસ સ્વલ્પ અપરાધ પ્રાપ્ત થવાથી તેણીએ મને શૂલિ ઉપર સ્થાપન કર્યો. આ સર્વે શબો પડ્યા છે તેઓનો એ દુષ્ટ દેવીએ એજ પ્રમાણે વધ કર્યો છે. હે ભાઈઓ! તમે ક્યાંથી આવીને એ દુષ્ટાના સંકટને વિષે પડ્યા?'

એમ સાંભળી તે બંને ભાઈઓએ પોતાનો સર્વ વૃત્તાંત જણાવ્યો અને ભયભ્રાંત થઈ પુછવા લાગ્યા કે હવે અમારે જીવવાનો કોઈ ઉપાય છે?' તે પુરૂષે કહ્યું' પૂર્વ દિશાના વનને વિષે શૈલક નામે યક્ષ રહે છે. તે પર્વ દિવસે અશ્વનું રૂપ કરી એમ બોલે છે કે 'કયા પુરૂષનું રક્ષણ કરૂં અને કોને વિપત્તિથી ઉગારૂં?' તમે ત્યાં જઈ એ યક્ષની આરાધના કરો અને જે વખતે તે ઉપર પ્રમાણે બોલે તે સમયે તમારે બોલવું કે 'ભો-યક્ષરાજા! અમારૂં રક્ષણ કરો!' એમ શિક્ષા દઈ તે શુલિ ઉપર રહેલ મનુષ્ય પંચત્વ પામ્યો. તે પછી તે બંને ભાઈઓ તે વનને વિષે જઈ સુંદર પુષ્પોવડે તે યક્ષની પૂજા કરી ભક્તિ કરવા લાગ્યા. એમ કરતાં જ્યારે પર્વ દિવસ આવ્યો અને તે યક્ષે એ પ્રમાણે ગર્જના કરી તે સમયે તેઓએ દીન મુખે વિનંતી કરી કે 'હે સ્વામિન્! અમને કષ્ટ સમુદ્રથી પાર ઊતારો.'

યક્ષે કહ્યું 'હું તમને સમુદ્ર પાર લઈ જઈશ પરંતુ મારૂં એક વચન તમારે અંગીકાર કરવું પડશે. તે દેવી પાછળ પ્રીતિમય મૃદુ વચનો બોલશે. જો તેને વિષે નિરપેક્ષ થઇ નીરાગીપણું બતાવશો તો ક્ષેમ કુશળ તમને ચંપાપુરીએ પહોંચાડીશ. વધારે શું કહું દ્રષ્ટિથી પણ તમારે તેની સન્મુખ ન જોવું. તેના ભય વચનો શ્રવણ કરી તમારે જરાપણ ભય પ્રાપ્ત ન થવું. એ પ્રમાણે નિર્વાહ કરવાને તમારી શક્તિ હોય તો મારી પીઠ ઉપર આરોહણ કરો. એમ સાંભળી તેઓ પણ તે વચન અંગીકાર કરી તેના પૃષ્ટભાગ ઉપર આરૂઢ થયા. પછી તે યક્ષ સમુદ્રને વિષે આકાશ માર્ગે ચાલ્યો. અત્રાંતરે તે દેવી પોતાના સદન અંત્યે આવી ત્યાં આ બંનેને ન જોયા એટલે સર્વ વનખંડને વિષે તપાસ કરી જ્ઞાનોપયોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દઈ ખરૂં સ્વરૂપ જાણી ખડ્ગ લઈ પાછળ આવી અને બોલવા લાગી કે મને મુકીને તમે ક્યાં ચાલ્યા ? જો જીવીતવ્યની વાંચ્છા હોય તો પાછા વળો નહી તો ખડ્ગવડે શિરચ્છેદ કરીશ' યક્ષે કહ્યું મારી પીઠ ઉપર બેઠા છતાં તમારે જરાપણ ભય ધારણ ન કરવો.' એવા ધૈર્યના વચન શ્રવણકરી તેઓ વિશેષ પ્રકારે સ્થિર ચિત્તવાળા થયા. પછી અનેક પ્રકારના સાનુકુળ વચનો પ્રીતિ ભરેલા બોલવા લાગી. છેવટે એકલા જિનરક્ષિતને ઉદ્દેશીને કહેવા લાગી 'હે પ્રાણવલ્લભ! તું મને વિશેષ પ્રિય હતો, તારી ઉપર મારો નિશ્ચળ સ્નેહ વર્તતો હતો, હવે કોની સાથે હું વિષય સુખ ભોગવીશ, તારા યોગે નિશ્ચય હું પ્રાણત્યાગ કરીશ.' એ પ્રમાણે માયા વચનથી તે ક્ષોભ પામી તેની સન્મુખ જોવા લાગ્યો એટલે શૈલક યક્ષે તેને નીચે નાંખ્યો. સમુદ્ર મધ્યે પડતા તેણીએ તેને ત્રિશૂળથી વિંધ્યો અને બોલી 'હે પાપીષ્ટ મારી વંચના કરવાનું ફળ ભોગવ.' એમ કહી ખડ્ગવડે તેના કટકા કરી સમુદ્રમાં ફેંકી દીધા. જિનપાલિત નિશ્ચળ રહ્યો એટલે યક્ષે તેને ચંપાપુરીએ પહોંચાડયો.

પછી જિનપાલિ ગૃહપ્રત્યે જઈ પોતાના પરિવારને મળ્યો અને સર્વ વૃત્તાંત શોકસહીત જણાવ્યો. માતાપિતાએ પણ અત્યંત શોક કર્યો. પછી એક દિવસ તે નગરને વિષે શ્રીમહાવીર સ્વામિ સમવસર્યા તેની પાસે પિતા પુત્રે દીક્ષા ગ્રહણ કરી. દુઃકર તપ કરી બંને સ્વકાર્યના સાધક થયા.'

એ કથા શ્રવણ કરી અમરદત્ત રાજર્ષિએ તેનો ઉપનય પુછયો એટલે સૂરિ બોલ્યા 'શ્રેષ્ટિપુત્ર સમાન સર્વ સંસારી જીવ જાણવા; રત્નદ્વીપની દેવી સમાન અવિરતિ, અવિરતિને વિષે પ્રાણી જેમ દુઃખ પામે તેમ સર્વ શબ સમજવા; શૂલી ઉપરનો મનુષ્ય જેમ હિતભાષી તેમ સુગુરૂ તે હિતભાષી સમજવા. જેમ તે મનુષ્યે પૂર્વે અનુભવ કરેલું સ્વરૂપ નિવેદન કર્યું. તેમ સુગુરૂ અવિરતિથી પ્રાપ્ત થયેલા પૂર્વભવ સબંધી દુઃખો વર્ણવે છે. જેમ તે પુરૂષે શૈલક યક્ષને તારક રૂપ જણાવ્યો તેમ સુગુરૂ ભવસમુદ્રથી તારનાર સંયમને બતાવે છે, સમુદ્રરૂપ સંસાર સમજવો. જેમ તે રત્નદ્વીપની દેવીને વશ થઈ જિનરક્ષિત નાશ પામ્યો તેમ સંસારી પ્રાણિઓ અવિરતિને વશ થઈ નાશ પામે છે. જેમ યક્ષના આ દેશનેવિષે તત્પર કહેવાથી જિનપાલિત ક્ષેમકુશળ ચંપાપુરીએ પહોંચ્યો તેમ જે જીવો અવિરતિનો ત્યાગકરી શુદ્ધ ચારિત્રનેવિષે નિશ્ચળ થાય છે તે કર્મ ક્ષય કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વલ્પકાળમાં નિર્વાણ સુખ પ્રાપ્ત કરે છે. માટે હે રાજર્ષિ! ચારિત્ર અંગીકાર કરી ભોગનેવિષે મનને ન પ્રેરવું.

ગુરૂના એવા ઉપદેશથી તે અમરદત્તમુનિ અત્યંત આદરભાવથી નિરતીચારપણે ચારિત્ર પાલવા લાગ્યા. રત્નમંજરી સાધ્વીને ગુરૂમહારાજએ પ્રવર્ત્તિનીને સોંપી અનુક્રમે તે બંને નિર્મળ તપકરી મનોરમ સંયમ પાળી પરમ પદને પામ્યા.

વાંચનાર! આ સર્વ કથા ધ્યાન દઈ વાંચી તેમાંના શુભ પ્રસંગો સ્મરણમાં રાખી તે પ્રમાણે વર્તવા યત્ન કરજો એજ વાંચનારનું સાર્થક છે.

# कुमतिमत ध्वंस समाचार.

## ( સત્યની વૃદ્ધિ અસત્યનો ક્ષય. )

ન્યાયાંભોનિધિ શ્રીમદ્દમુનિ મહારાજશ્રી આત્મારામજી ( આનંદવિજયજી ) ના વિહારથી તેમના ઉપદેશવડે અગાઉ ઘણે સ્થાનકે કેટલાએક સરળ સ્વભાવી ગ્રહસ્થોએ તથા રિખોએ ઢુંઢકમતરૂપ ઊન્માર્ગનો ત્યાગકરી શુદ્ધ જૈનમાર્ગ અંગીકાર કર્યો હતો તેજ પ્રમાણે હાલમાં પણ પંજાબદેશના અંબાલા નગરમાં બે રિખોએ સત્ય સ્વરૂપ સમજી પોતાનો મુખબંધક કુવેશ છોડી સુસાધુનો વેશ ધારણ કર્યો છે તે સંબંધી વિશેષ હકીકત આ પ્રમાણે—

એકનું નામ ગોવીંદરામ હતું. તેઓ અમૃતસરના રહીશ ઓસવાળ જ્ઞાતિના હતા. તેઓએ પાંચ વર્ષ ઢુંઢકપણામાં રહી તેમના ગુરૂ પ્રેમસુખની સાથે વાદવિવાદથી નિર્ણયકરી તેમને અસત્ય જાણી તેનો ત્યાગ કર્યો છે. ઊમર (૪૮) વર્ષની છે. શુદ્ધમાર્ગમાં દીક્ષા લીધા પછી તેમનું નામ ગૌતમવિજયજી રાખવામાં આવ્યું છે.

બીજાનું નામ ગણેશીલાલ તેઓ અંબાલાથી વીશ કોશ દુર ખરડગામના રહીશ અગ્રવાળ જ્ઞાતિના હતા. બે વર્ષ ઢુંઢક પણામાં રહી તેમના ગુરૂ પરમાનંદ અજીત પંથીની તેમજ બીજા રિખોની સાથે વાદવિવાદથી નિર્ણયકરી તેમણે તે અસત્ય માર્ગનો ત્યાગ કર્યો છે. ઉમર (૪૭) વર્ષની છે. દીક્ષા સમયે તેમનુંનામ ગુલાબવિજયજી રાખવામાં આવ્યું છે.

For Private And Personal Use Only

ઉપરના બંને શક્ષો આત્માર્થી છે તેઓએ પૂર્ણ પરીક્ષાકરી તે ઉન્માર્ગને સર્પ કંચુકવત ત્યાગકરી ચર્મતીર્થંકરથી અવિચ્છિન્ન ચાલ્યા આવતા શુદ્ધ જૈનમાર્ગને અંગીકાર કર્યો છે. આ પ્રમાણે નિરંતર કુમતિઓનો ક્ષય થતો જાય છે તોપણ કેટલાએક મમત્વવાળા જાણ્યા છતાં પણ ત્યાગ કરતા નથી અને ઉલટા તેની પ્રશંસા અને વૃદ્ધિ કરવાના ફોકટ ફાંફા મારી વિપને વધારવા જેવું કરે છે. પરંતુ પ્રાંતે સત્યજ જય પામે છે.

---

## વર્તમાન ચરચા.

**સમવસરણનો મહોત્સવ**—દક્ષિણમાં કોલાપુર પાસેના ઈચલકરંજી ગામમાં ચૈત્ર વદ ૧૦ થી વૈશાક સુદ ૩ સુધી સમવસરણનો મહોત્સવ રૂડી રીતે થયો છે. મહોત્સવમાં ત્રણ હજાર મનુષ્ય એકત્ર થયું હતું કારણ કે દક્ષિણમાં પહેલોજ મહોત્સવ હતો. વિજાપુર પાસે રહેનાર શેઠ. નેમચંદ નીહાલચંદે ખર્ચમાં મોટો ભાગ લીધો છે. મહોત્સવને માટે સમવસરણ મુંબઈથી અને રૂપાનો રથ સુરતથી લાવ્યા હતા. શાસનની ઉન્નતી સારી થઈ હતી. પુન્યશાળી પુરૂષોનુંજ દ્રવ્ય આવા મહોચ્છવમાં વપરાય છે.

**ભાવનગરમાં દીક્ષા મહોત્સવ**—ભાવનગરના રહીશ ઓસવાળ જ્ઞાતિના દેરાસરજીનો વહીવટ કરનાર મેતા પ્રેમજી કાળાએ (૨૬) વર્ષની ઊમરમાં સંસારથી ઉદ્વેગ પામી વૈશાક શુદ ૧૩ને દિવસે શ્રી મન્મુનિમહારાજશ્રી વૃદ્ધિચંદજી સમીપે દીક્ષા ગ્રહણ કરી છે. તેમનું નામ પ્રેમવિજયજી રાખવામાં આવ્યું છે. શુદ્ધ વૈરાગ્ય ભાવ પ્રગટ થયો હતો એટલુંજ નહિ પણ પોતાના કાકા બંધુ તથા માતા, વિગેરેની અંતઃકરણ પૂર્વક રજા મેળવી પોતાને ઘેરથીજ બડી ધામધુમથી વરઘોડો ચડાવ્યો હતો. આ પ્રમાણે સર્વની ખુશીથી ચારિત્ર લેવાનો યોગ બને એ મહત્ પુણ્યના ફળ છે.

**મુનિરાજના વિહારથી થતા લાભ**—મુર્શિદાબાદમાં મુનિરાજજી હંસવિજયજી ચોમાસું કરવા રહ્યાથી ત્યાં ધર્મોન્નતિના કાર્યો બન્યા જાય છે. વૈશાક સુદ ૧૪ ને દિવસે બાબુસાહેબ રાય ધનપતિસિંહજીના ચીરંજીવીએ પ્રથમ પ્રતિક્રમણ કરી એક એક રૂપીઆની પભાવના કરી હતી. આ પણ શાસનની ઉન્નતિનો દેખાવ છે.

## અત્યંત ખેદકારક મૃત્યુ.

(શ્રાવક નેમચંદ મુળચંદનો સ્વર્ગવાસ).

જૈનધર્મને વિષે નિપુણતા ધરાવનાર, ધર્મ દ્રઢતાના પ્રેરક અને તનમનથી ધર્મારાધન કરવાને તત્પર મહુવા નિવાસી ભાઈ નેમચંદ મુળચંદ પોતાની ૬ વર્ષની ઉમરમાં આ ફાની દુનીયાનો ત્યાગ કરી વૈશાક વદ ૧૨ ને દિવસે શ્રી સિદ્ધાચળજી તીર્થની છાયામા પાલીતાણા શહેરમાં પંચત્વ પામ્યા છે. તેઓ કોઈ કાર્ય પ્રસંગે અમરેલી ગયેલા ત્યાંથી દુષ્ટ કોલેરાના રોગમાં સપડાયા હતા. છતાંપણ પાલીતાણે આવ્યા. ત્યાં આવીને યાત્રા પણ કરી એટલુંજ નહી પરંતુ મૃત્યુ સમયસુધી ધર્મચર્ચાજ કર્યા કરી હતી. આવા પ્રકારની ધર્મ દ્રઢતા કોઈ ભાગ્યશાળીના હૃદયમાંજ હોય છે. સ્વભાવે બહુજ શાંત હતા. અહોનિશ એમનું ચિત્ત ધર્મને વિષે રક્ત રહેતું. તેઓ અમારી જૈનધર્મપ્રસારક સભાના સભાસદ હોવાથી તેમના સ્વર્ગવાસથી સભાને હાની પહોંચી છે, એટલુંજ નહી પણ જૈનવર્ગમાં એક વીરલ પુરૂષની ખામી પડી છે. આ પ્રસંગે સંસારની અનિત્યતા વિચારતાં ભવીતવ્યતાને સબળ ગણી તેમના વડીલ બંધુ પરમાણંદદાસ તથા બીજા કુટુંબીઓની દિલગીરીમાં ભાગ લઈ ધર્મને સારભૂત જાણવા સૂચના કરીએ છીએ. વિશેષ દિલગીરી કરવાથી ફક્ત કર્મ બંધ થાય છે માટે સર્વ મનુષ્યોની એજ સ્થિતિ છે એમ વિચારી ઉત્તમ કાર્યોમાં ચિત્ત પરોવવું એજ શ્રેયસ્કર છે. અને સ્વહીત વાંચ્છક જનોનું એજ કર્તવ્ય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन पंचांग.

(સંવત ૧૯૪૬ ના ચેતરથી સંવત ૧૯૪૭ ના ફાગણ સુધી.)

જૈન રીતિને અનુસરીને વાર્ષિક તિથિઓના વધઘટ તથા વાર્ષિક જૈન પર્વ દાખલ કરેલ હોવાથી જૈન વર્ગને બહુજ ઉપયોગી છે. સૂર્યોદય તથા સૂર્યાસ્તના વખતનું કોષ્ટક તથા દિવસ અને રાત્રીના ચોઘડીયાનું કોષ્ટક વિગેરે દાખલ કરેલા હોવાથી વિશેષ ઉપયોગી છે. માટે તેનો લાભ લેવા ઇચ્છનારે મંગાવી લેવું. કીંમત એક આનો. ચાર નકલ ઉપર મંગાવનારને પોસ્ટેજ માફ.

## જાહેર ખબર.

તમામ પ્રકારની જૈનધર્મની ચોપડીઓ વ્યાજબી કીંમતે અમારી ઓફીસમાંથી મળશે. પરદેશવાળાને પોસ્ટમાં મોકલશું.

## નવી ચોપડીઓના સમાચાર.

૧ અઢીદ્વિપ સંબંધી તમામ પ્રકારની ચીત્રો સહીત સમજુતી તથા ચાર ગતિના જીવોના ભુવન, આયુષ્ય વિગેરેની વિસ્તાર યુક્ત હકીકત તથા યંત્રો વિગેરે અને બીજી કેટલીએક શાસ્ત્રોક્ત વાતોના સંગ્રહવાળી એક ચોપડી હાલમાં બહાર પડી છે. બહુજ ઉપયોગી છે. કિંમત રૂ ૨) પરદેશવાળાને પોસ્ટેજ જુદું.

૨ શ્રીમન્મહારાજ શ્રી આત્મારામજી કૃત વીશ સ્થાનકની, સત્તર ભેદી તથા અષ્ટપ્રકારી પૂજા અને યશવિજયજીકૃત નવપદજીની પૂજા તેમજ બીજા પરચુરણ સ્તવનો વિગેરેની શાસ્ત્રી અક્ષરમાં ચોપડી હાલમાં બાહાર પડી છે. કિંમત રૂ ૦-૪-૦ પોસ્ટેજ જુદું.

૩ જિનેંદ્રસ્તુતિ રત્નાકર. કિંમત છ આના હતી તે પાંચ આના રાખવામાં આવી છે. ઉપયોગી છે.

૪ જૈન કલ્પવૃક્ષ, શત્રુંજયના નકશા તથા તથા આબુજીના નકશા રંગીત થોડા વખતમાં બહાર પડનાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# लवाजमनी पहोंच.

२—૬ વોરા [illegible] ચંદ હીરાચંદ.
૪—૧૨ શા. [illegible]રચં[illegible] ધારા.
૩—૯ પરી નગીનદાસ છગનલાલ.
૧—૪ શેઠ. ફોજમલ સાકરચંદ.
૧—૩ શા. જગજીવન સોભાગચંદ.
૧—૩ શા. સરૂપચંદ મુળચંદ.
૧—૦ કોઠારી જેચંદ જેઠા.
૧—૩ મેતા. ગુલાબચંદ જીવા.
૧—૦ શેઠ. ફુલચંદ મુળજી.
૧—૪ શા. ઝવેરચંદ જેતશી.
૨—૬ શા. ભીમશી પંચાણ.
૧—૩ શા. વીરચંદ કૃષ્ણાજી.
૨—૬ શા. પાથુ વાગા.
૧—૪ શા. મલુકચંદ હરજીવન
૪—૦ શા. ગરબડ મોહલાલ
૧—૪ શા. કાળીદાસ કપુરચંદ
૧—૩ શા. ગોકળજી હંસરાજ.
૧—૪ શા. રતનજી હંસરાજ.
૧—૩ શા. ઓધવજી દેવજી.
૧—૩ શેઠ. ધરમશી પીતાંબર.
૨—૭ શા. હરજીવન ઝવેરચંદ.
૧—૩ શેઠ. વરધમાન બેચર.
૧—૪ શા. બાપુલાલ લખમીચંદ.
૧—૩ શા. હીરાચંદ વસનજી
૨—૭ શા. તેજકરણ વેણીચંદ
૧—૩ શા. નથુ મોતીજી
૧— શા. હરજીવન ખીમચંદ
૧—૩ શા. ફુલચંદ રામજી
૧—૩ શા. વાડીલાલ હરગોવનદાસ
૧૦—૧ શા. ગોરધનદાસ બેહેચરદાસ
૩—૮ માંડવીવાળા લાલજી
૨—૭ શા. હરજીવન ઝવેર

# ગ્રાહકોને તાકીદ.

દર માસે ચોપાનીયું વાંચવામાં આવે છે છતાં તેનું લવાજમ મોકલવાનું સાંભરતું નથી તે મોટી દીલગીરી છે.

આળસ અને પ્રમાદ બહુજ હાનીકારિક છે સબબ લવાજમ તાકીદે મોકલાવવાનું લક્ષમાં લેશો.

વરસ પુરૂં થાય, નવું શરૂ થાય એક, બે, ત્રણ નીકળે તે છતાં પણ લવાજમ મોકલવાનો વિચાર ન થાય ?

એકવરસ ઉપરાંતનું એટલે બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ જેમની પાસે લેણું છે તેમને મોકલવા સંબંધી શું લખવું તે માટે યોગ્ય શબ્દોજ મળી આવતા નથી.

For Private And Personal Use Only